બારડોલી



હથોડા



ખોલવડ



# બારડોલીમાં માત્ર બે કલાકમાં 1.5 ઈંચ વરસાદથી જળબંબોળ

**પાલિકાની** પ્રિ-મોન્સૂન કામગીરીની ખૂલી પોલ, સ્ટેશન રોડ પર ઘૂંટણ સમા પાણી ભરાયા

**શમારીયા** મોરા વિસ્તારના નીચાણવાળા ભાગોમાં પણ પાણી

બારડોલીઃ બારડોલી તાલુકામાં રવિવાર સાંજથી શરૂ થયેલો વરસાદ સોમવારે પણ યથાવત રહ્યો હતો. છેલ્લા ૨૪ કલાકમાં એટલે કે રવિવારે સાંજે ૬ વાગ્યાથી સોમવારે સાંજે ૬ વાગ્યા સુધીમાં અહીં કુલ ૬૮ મિમી વરસાદ નોંધાયો છે. જોકે, સૌથી વધુ સોમવારે વરસાદ સાંજે જોવા મળ્યો હતો, જ્યાં સાંજે ૪ થી ૬ વાગ્યાના માત્ર બે જ કલાકમાં ગાજવીજ સાથે ૩૬ મિમી (આશરે દોઢ ઈંચ) જેટલો ખાબકેલો વરસાદ સમગ્ર પંથકને પાણી-પાણી કરી ગયો હતો. આ સાથે જ ચાલુ સીઝનનો બારડોલી તાલુકાનો કુલ વરસાદ ૫૧૫ મિમી પર પહોંચી ગયો છે.

માત્ર બે કલાકના આ ધોધમાર વરસાદને કારણે બારડોલીના નીચાણવાળા વિસ્તારો સહિત મુખ્ય માર્ગો પર ઠેર-ઠેર પાણી ભરાઈ ગયા હતા. શહેરના મધ્યમાં આવેલા મુદિત પેલેસની સામે સ્ટેશન રોડ પર તો ઘૂંટણ સમા પાણી ભરાઈ જતાં વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. રસ્તાની સાઈડમાં પાર્ક કરેલા કેટલાય વાહનો પણ અડધા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. આ ઉપરાંત શમારીયા મોરા વિસ્તારના નીચાણવાળા ભાગોમાં પણ પાણી ભરાઈ જતાં સ્થાનિક રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. પહેલાં જ મોટા વરસાદમાં શહેરની આવી દયનીય સ્થિતિ સર્જાતા સ્થાનિક લોકોમાં પાલિકા તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. પ્રિ-મોન્સૂન કામગીરીના દાવાઓ વચ્ચે માત્ર બે કલાકના વરસાદમાં જ પાણી ભરાઈ જતાં પાલિકાનું વહીવટી તંત્ર સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થયું હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

## હથોડા, કોસંબા, તરસાડી, કીમમાં મોડી સાંજે ધોધમાર વરસાદ

હથોડાઃ કીમ ચાર રસ્તા, હથોડા, તરસાડી, કોસંબા પંથકમાં આજે મોડી સાંજે વીજળીના કડાકા ભડાકા સાથે તૂટી પડેલા વરસાદને પગલે ચારેકોર જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. નીચાણવાળા વિસ્તારમાં પાણીનો ભરાવો રહેતા મધ્યમ વર્ગ પરેશાની ભોગવતો નજરે પડી રહ્યો છે. તંત્રની લાપરવાહીના કારણે વિસ્તારમાં દરેક વર્ષે સમસ્યા સર્જાતી હોય છે.

## પલસાણામાં 24 કલાકમાં 2.71 ઈંચ મિમી વરસાદ

**પલસાણાઃ પલસાણા તાલુકામાં સાંજે વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. તાલુકામાં ગત સાંજથી જ મેઘરાજાએ પોતાની ધમાકેદાર ઇનિંગ શરૂ કરી દીધી છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન, એટલે કે ગઈકાલે સાંજે ૬ વાગ્યાથી આજે સાંજે ૬ વાગ્યા સુધીમાં તાલુકામાં કુલ ૬૯ મિમી વરસાદ નોંધાયો છે. આજે દિવસ દરમિયાન બપોરે ૨ વાગ્યાની આસપાસ આકાશ કાળાડિબાંગ વાદળોથી ઘેરાઈ ગયું હતું અને ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. માત્ર ગણતરીના કલાકોમાં જ દિવસ દરમિયાન ૩૫ મિમી જેટલો વરસાદ ખાબક્યો હતો. વાવણી લાયક વરસાદ થતાં જ ધરતીપુત્રોએ મોટી રાહત અનુભવી છે. ચાલુ ચોમાસાની સીઝનમાં અત્યાર સુધીમાં પલસાણા તાલુકામાં કુલ ૫૫૭ મિમી જેટલો નોંધપાત્ર વરસાદ પડી ચૂક્યો છે.**

## ખોલવડ નજીક નેશનલ હાઈવે પર પાણી ફરી વળ્યું

કામરેજ: મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે નંબર 48 પર ખોલવડ નજીક વરસાદી પાણી ફરી વળતા હાઈવેના ત્રણ ટ્રેકમાંથી બે ટ્રેક પાણીના લઈને માત્ર એક ટ્રેક પર વાહનો પસાર થઈ રહ્યા હતા. સુરત જિલ્લામાં છેલ્લા છ દિવસથી જાણે ચોમાસાની સીઝનની શરૂઆત થઈ હોઈ એમ વરસાદ વરસી રહ્યો છે. જેમાં સોમવારના રોજ બપોર બાદ કામરેજ તાલુકામાં મેઘરાજ ધમાકેદાર બેટિંગ કરતાં ફરીવાર કામરેજ ચાર રસ્તાથી ખોલવડ જતાં રોડ પર પાણી ઘુટણસમા પાણી ભરાઈ જવા પામ્યા છે. જે પાણી મુંબઈ અમદાવાદ નેશનલ હાઈવે નંબર 48 પર ફરી વળતા હાઈવેના ત્રણ ટ્રેકમાંથી માત્ર એક ટ્રેક પર જ વાહનો ચાલી રહ્યા છે. સ્થાનિક વાહનચાલકો તેમજ ગુરુકુપા, ગોકુલનગર સહિતની સોસાયટીના રહીશો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. કામરેજ તાલુકામાં સવારે 6 થી સાંજે 6 કલાક દરમિયાન 84 મીમી એટલે કે 3.5 ઈંચ વરસાદ વરસયો છે.

## ડોલવણમાં 3.5 ઇંચ, વ્યારામાં 2.5, વાલોડમાં 2 ઇંચ વરસાદ

વ્યારાઃ તાપી જિલ્લાના ડોલવણ તાલુકામાં સાંજે 4 વાગ્યા સુધીમાં છેલ્લાં ચોવીસ કલાકમાં 3.5 ઇંચ વરસાદ નોંધાયો હતો. જિલ્લા મથક વ્યારામાં અઢી ઈંચ જ્યારે વાલોડ તાલુકામાં 2.0 ઈંચ અને ઉચ્છલ તાલુકામાં 1.0 ઈંચ તેમજ ઉકાઈ તાલુકામાં 0.7 તથા છેવાડાના નિઝર તાલુકામાં 0.5 ઈંચ વરસાદ નોંધાયો હતો જ્યારે કૂકરમુંડા તાલુકો કોરોકટ રહ્યો હતો. સાંજે કાળાડિબાંગ વાદળો ઘેરાતા સમગ્ર વિસ્તારમાં અંધારપટ છવાયું હતું.

## કદવાલી-ચોખવાડા માર્ગ બંધ થતાં વાહનવ્યવહાર ઠપ્પ



વાંકલઃ સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકામાં ગઈકાલે સાર્વત્રિક ધોધમાર વરસાદ ખાબક્યો હતો. ભારે વરસાદના કારણે ઉમરપાડા તાલુકાના કદવાલી ગામથી ચોખવાડા ગામને જોડતા મુખ્ય રસ્તા પર કોતરોના પાણી ફરી વળ્યા હતા. રસ્તા પર જોરદાર વેગ સાથે ભારે પાણી વહેવા લાગતા વાહનચાલકો માટે ભારે જોખમ ઊભું થયું હતું, જેના પગલે આ માર્ગ પરનો વાહન વ્યવહાર સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયો હતો. રસ્તો બ્લોક થઈ જતાં સ્થાનિક લોકોને હાલાકી ભોગવવી પડી હતી. વરસાદ ધીમો પડતાં તંત્ર અને લોકોએ રાહતનો શ્વાસ લીધો જો કે, મોડી સાંજે વરસાદનું જોર ઘટતાં રસ્તા પરથી પાણી ઓસરવાનું શરૂ થયું હતું. પાણી ઓસરવાની સાથે જ બંધ થયેલો વાહન વ્યવહાર ધીમે-ધીમે પૂર્વવત થયો હતો, જેથી તંત્ર અને સ્થાનિક મુસાફરોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# ભરૂચમાં ફરી વરસાદની મહેર, ખેડૂતોમાં હાશકારો, હાંસોટ ટોચ પર

ભરૂચઃ શુક્રવાર બાદ એક દિવસના વિરામ પછી સોમવારે ભરૂચ સહિત ચાર તાલુકામાં સારો વરસાદ પડ્યો છે. વાદળછાયું વાતાવરણ વચ્ચે થયેલા આ વરસાદથી ખેડૂતોમાં ખુશીનો માહોલ છે, કારણ કે મોડું ચોમાસું બેસતા જિલ્લાના બે ડેમોમાં પાણી તળિયે આવી ગયું હતું. હવે સામાન્ય પાણી ભરાતાં રાહત થઈ છે. જિલ્લા કચેરીના આંકડા મુજબ, આ વખતે ભરૂચ જિલ્લામાં સરેરાશ 108.22 મીમી વરસાદ નોંધાયો છે. સૌથી વધુ વરસાદ દરિયાઈ પટ્ટી ગણાતા હાંસોટમાં પડ્યો છે, જ્યાં 231 મીમી વરસાદ નોંધાતાં તેણે નેત્રંગ તાલુકાને પાછળ છોડી દીધો છે.



24 કલાક દરમિયાન જિલ્લાના વિવિધ તાલુકાઓમાં પડેલો વરસાદ પૈકી ભરૂચમાં 12 મીમી, નેત્રંગમાં 10 મીમી, વાલિયામાં 7 મીમી અને અંકલેશ્વરમાં 5 મીમીનો સમાવેશ થાય છે. જુલાઈના પ્રથમ સપ્તાહમાં પડેલા વરસાદને કારણે ત્રણેય ડેમોમાં પાણીની સપાટીમાં સામાન્ય વધારો થયો છે. પીગુટ ડેમ જળસપાટી 131 મીટર (સંગ્રહ 4.12 ટકા થતા) માત્ર 0.12 ટકાનો વધારો થયો છે. બલદેવા ડેમમાં જળસપાટી 135.35 મીટર (સંગ્રહ 18.15 ટકા) અને ધોલી ડેમ જળસપાટી 130 મીટર (સંગ્રહ 40.57 ટકા) થતા બંને ડેમમાં સામાન્ય વધારો થયો છે.

**ભરૂચ જિલ્લાનો અત્યાર સુધીનો કુલ વરસાદ**

| તાલુકાવાર | મીમી |
|---|---|
| જંબુસર | 33 |
| આમોદ | 43 |
| વાગરા | 90 |
| ભરૂચ | 59 |
| ઝઘડિયા | 48 |
| અંકલેશ્વર | 186 |
| હાંસોટ | 231 |
| વાલિયા | 162 |
| નેત્રંગ | 122 |

# બુહારીમાં પાણી ભરાયા, પાણીનો નિકાલ નહીં થતાં સમસ્ય વકરી

વાલોડઃ વાલોડ તાલુકાના બુહારી ગામે બુહારી અને બેડચીત ગામને જોડતા મુખ્ય માર્ગ પર, બુહારી હાઈસ્કૂલની સામે માત્ર એક કલાકના જોરદાર વરસાદ બાદ પાણીનો ભારે ભરાવો જોવા મળ્યો હતો. જેના કારણે માર્ગ પરથી પસાર થતાં વાહનચાલકો તેમજ ખાસ કરીને બુહારી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ કે માર્ગની બંને બાજુ વરસાદી પાણીના યોગ્ય નિકાલ માટે ગટર લાઈનનું નિર્માણ કરવું અત્યંત



જરૂરી છે. સંબંધિત તંત્રને વહેલી તકે સ્થળનું નિરીક્ષણ કરી ગટર લાઈન તથા સર્વિસ રોડના કામને પ્રાથમિકતા સાથે મંજૂરી આપી અમલમાં મૂકવાની માંગ કરવામાં આવે છે.

સ્થાનિક ગ્રામજનોના જણાવ્યા મુજબ રસ્તાની આજુબાજુ ગટરલાઈન તેમજ તેના ઉપર પેવર બ્લોક લગાવવામાં આવે તો આ સમસ્યા દૂર થઇ શકે છે.

## ડોસવાડા ડેમ ૯૦ ટકા ભરાયો, વહીવટી તંત્ર સજ્જ



સોનગઢ: સોનગઢ તાલુકામાં આવેલો મહત્વનો અને દરવાજા વગરનો ડોસવાડા ડેમ સતત વરસાદના કારણે તેની પૂર્ણ સપાટીની નજીક પહોંચી ગયો છે. કાર્યપાલક ઇજનેરશ્રી, વેર-૨ યોજના વિભાગ દ્વારા તા. ૦૬/૦૭/૨૦૨૬ના રોજ જાહેર કરાયેલી સત્તાવાર માહિતી મુજબ ડેમમાં કુલ સંગ્રહ ક્ષમતાના આશરે ૯૦ ટકા જેટલું પાણી ભરાઈ ચૂક્યું છે. હાલ ડેમની સપાટી ૧૨૩.૧૦ મીટર (૪૦૩.૧૦ ફૂટ) નોંધાઈ છે, જ્યારે તેની પૂર્ણ સપાટી ૧૨૩.૪૪ મીટર (૪૦૫ ફૂટ) છે. ડેમની સપાટી હાઈ એલર્ટ લેવલ સુધી પહોંચતાં હેઠવાસના નીચાણવાળા વિસ્તારો અને ગામોને સાવચેત રહેવા સૂચના આપવામાં આવી છે. વહીવટી તંત્ર દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને કોઈપણ આકસ્મિક સ્થિતિને પહોંચી વળવા જરૂરી તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી હોવાનું જણાવાયું છે. વરસાદ ચાલુ રહે તો ડેમ પૂર્ણ સપાટીએ પહોંચવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

## સોનગઢ-ઉકાઈમાં સાર્વત્રિક વરસાદ



સોનગઢ: દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાની સાર્વત્રિક મહેરને પગલે સોનગઢ અને ઉકાઈ પંથકમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. સોનગઢમાં અને ઉકાઈમાં નદી-નાળા બે કાંઠે વહી રહ્યા છે. આ પરિસ્થિતિને જોતા દક્ષિણ ગુજરાતની જીવાદોરી સમાન ઉકાઈ ડેમમાં પાણીની આવક 92521ને લઈ ડેમની સપાટી 310.60.ફૂટ પર પહોંચી છે. હાલ ડેમમાંથી 800 ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે, જેથી વહીવટી તંત્ર દ્વારા સતત દેખરેખ રાખવામાં આવી

# ભરૂચ જૂની RTO કચેરી પાસે સામાન્ય વિવાદમાં બે જૂથ વચ્ચે હિંસક અથડામણ



**ટેમ્પો** પાર્કિંગની બબાલમાં પથ્થરમારો, મારામારીમાં 6 ઈજાગ્રસ્ત, ધિંગાણાનો વિડીયો વાયરલ

ભરૂચઃ ભરૂચ શહેરમાં આવેલી જૂની RTO કચેરી નજીક રસ્તા પર પાર્ક કરેલો આઈસર ટેમ્પો ખસેડવાની નજીવી બાબતે બે સ્થાનિક જૂથ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી, જે જોતજોતામાં હિંસક સ્વરૂપમાં ફેરવાઈ ગઈ હતી. બંને પક્ષના લોકો મોટી સંખ્યામાં લાકડીઓ, ડાંગો અને પથ્થરો સાથે શેરીમાં ઉતરી આવ્યાં હતા. બંને જૂથોએ એકબીજા પર છૂટા હાથે પથ્થરમારો કર્યો તેમજ લાકડીઓ વડે ઘાતક હુમલા કર્યા હતા. મારામારીમાં બંને પક્ષના 3-3 મળીને કુલ 6 ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. બધાને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલુ છે. આ સમગ્ર ઘટનાના લાઈવ દ્રશ્યો કોઈ સ્થાનિક નાગરિકે મોબાઈલમાં કેદ કરી લીધા હતા, જે બાદમાં સોશિયલ મીડિયા પર વાયુવેગે વાયરલ થયા છે. ઘટનાની ગંભીરતાને પગલે ભરૂચ પોલીસનો મોટો કાફલો તાબડતોબ હોસ્પિટલ અને ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે ઈજાગ્રસ્તોના નિવેદનો નોંધવાની કાર્યવાહી શરૂ કરી છે. આ મામલે પોલીસે બંને પક્ષો વિરુદ્ધ રાયોટિંગ અને હુમલાની કડક કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આ ઘટનાએ સ્થાનિકો અને વેપારીઓમાં ભારે ફફડાટનો માહોલ ફેલાવ્યો છે.

# વટારિયા સુગર નજીક વરસાદી ખાડીમાં શંકાસ્પદ પ્રદૂષિત પાણી

**અમરાવતી** નદીમાં ભળતી ખાડીમાં પ્રદૂષિત પાણી વહેતું જોવા મળતાં તંત્ર હરકતમાં, GPCBએ તપાસ શરૂ કરી

અંકલેશ્વર: અંકલેશ્વર તાલુકાના વટારિયા ગામ નજીક આવેલી વરસાદી ખાડીમાં શંકાસ્પદ પ્રદૂષિત પાણી વહેતું જોવા મળતાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) દ્વારા તાત્કાલિક તપાસ શરૂ કરવામાં આવી છે. આ ખાડી આગળ જઈને અમરાવતી નદીમાં અને ત્યારબાદ નર્મદા નદીમાં ભળતી હોવાથી સમગ્ર મામલાને ગંભીરતાથી લેવામાં આવી રહ્યો છે.

પ્રકૃતિ સુરક્ષા મંડળ દ્વારા ઘટનાની જાણ GPCBને કરવામાં આવતા બોર્ડની ટીમે વટારિયા સુગર ફેક્ટરી સહિત આસપાસના અન્ય શંકાસ્પદ સ્થળોની તપાસ હાથ ધરી છે. હાલ વિવિધ સ્થળોએ તપાસ ચાલુ છે અને પાણીના સ્ત્રોતની ઓળખ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. પ્રકૃતિ સુરક્ષા મંડળના સલીમ પટેલ સાથે થયેલી ટેલિફોનિક વાતચીતમાં GPCBના પ્રાદેશિક અધિકારી અગ્રાવતએ જણાવ્યું હતું કે, ગઈકાલથી અમારી ટીમ આ દિશામાં તપાસ કરી રહી છે. વટારિયા સુગર સહિત અન્ય શંકાસ્પદ સ્થળોની તપાસ ચાલી રહી છે.

તપાસ પૂર્ણ થયા બાદ રિપોર્ટના આધારે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. ભૂતકાળમાં પણ આ વિસ્તારમાં વરસાદી ખાડીમાં પ્રદૂષિત પાણી છોડવાના મામલે તપાસ દરમિયાન વટારિયા સુગર સામે દંડાત્મક કાર્યવાહી થઈ હોવાનું નોંધાયું હતું. પ્રકૃતિ સુરક્ષા મંડળે માંગ કરી છે કે વરસાદી ખાડીમાં વહેતા પાણીના નમૂનાઓનું વૈજ્ઞાનિક પરીક્ષણ કરીને પ્રદૂષણનો વાસ્તવિક સ્ત્રોત શોધવામાં આવે અને જો કોઈ ઉદ્યોગ કે અન્ય એકમ જવાબદાર હોવાનું બહાર આવે તો તેમની સામે પર્યાવરણના કાયદા મુજબ કડક કાર્યવાહી કરવામાં આવે.

પંજાબ નૈશનલ બૈંક ...भरोसे का प्रतीक ! punjab national bank ...the name you can BANK upon !

એઆરએમબી સુરત : પહેલો માળ, મેઘાણી ટાવર, સ્ટેશન રોડ, સુરત-૩૯૫૦૦૩ ફોન : ૮૧૪૬૦૯૨૮૭૭, ૯૬૨૪૫૭૭૨૨૫ email : cs8323@pnb.bank.in

**સ્થાયી મિલકતની ઈ-હરાજીથી વેચાણ અંગેની જાહેર નોટીસ**

**ઈ-હરાજી તા.૧૪.૦૮.૨૦૨૬ | નિરીક્ષણ તા. ૧૩.૦૮.૨૦૨૬ સુધી કામકાજ ના દિવસો માં (સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી) | ઈ-હરાજીના સમય સુધીમાં ઈએમડી જમા કરાવવી જોઈએ**

સિક્યુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ના નિયમ ૮(૬) સાથે વાંચતા સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ હેઠળ સ્થાયી મિલકત માટેની ઈ-હરાજીની વેચાણ નોટીસ. આથી અહીં જાહેર જનતા અને ખાસ કરીને દેવાદાર(રો) અને જામીનદાર(રો) ને નોટીસ આપી જણાવવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકત(તો) કે જે સિક્યોર્ડ ક્રેડીટર્સને હાઈપોથીકેટેડ/ગીરવે/ચાર્જ કરેલ કે જેનો સાંકેતિક/પ્રત્યક્ષ કબજો પંજાબ નેશનલ બેંક, સિક્યોર્ડ ક્રેડીટર્સ દ્વારા મેળવવામાં આવેલ છે. જેનું 'જ્યાં છે, જે કંઈ છે અને જેવું છે તેવું' ના ધોરણે **તારીખ ૧૪.૦૮.૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા ૧૦ મીનીટના સુધી માટે કરવામાં આવશે.** પંજાબ નેશનલ બેંક, સિક્યોર્ડ ક્રેડીટર્સ દ્વારા નીચે દર્શાવેલ દેવાદારો, ગીરવેદારો અને નીચે દર્શાવેલ જામીનદારોના બાકી રકમ માટે ઈ-હરાજીથી વેચાણ કરવામાં આવશે. અનામત કિંમત અને ઈએમડીની રકમ નીચે મુજબ રહેશે. સ્થાયી મિલકતની વિગત સરકારી/અર્ધસરકારી લેણાંની વિગત જો હોય તો તેની સાથે નીચે મુજબ છે.

| નં. | શાખાનું નામ / ખાતાનું નામ / દેવાદાર/ જામીનદારોનું નામ અને સરનામું | સુરક્ષિત કરેલ મિલકતની વિગત: ગીરવે મુકેલ સ્થાયી મિલકતની વિગત અને માલિકનું નામ (મિલકતો ના ગીરવેદારો) | અ) સરફેસી એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ માંગણા નોટીસની તારીખ / બ) તા.૩૦.૦૬.૨૦૨૬ ના રોજ બાકી રકમ + વધારાનું વ્યાજ અને તેના પર ખર્ચા જો કોઈ રીકવરી થઈ હોય તો / ક) સરફેસી એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૪) હેઠળ લીધેલ કબજાની તારીખ / ડ) કબજાનો પ્રકાર સાંકેતિક/પ્રત્યક્ષ/રચનાત્મક | અ) અનામત કિંમત / બ) ઈએમડી / ક) બોલી વધારાની રકમ (રૂા. લાખમાં) | સુરક્ષિત લેણદારની જાણમાં હોય તેવા અન્ય બાકીની વિગત / Property ID : |
|---|---|---|---|---|---|
| ૧ | પીએનબી : મજુરા (૦૭૯૧૦૦)<br>૧) શ્રી ડિવામીરા સીલ્ક (એક માલિકની પેઢી) દુકાન નં. ૮૧૧૩/૧૧૪, મીલેનીયમ ટેક્ષટાઈલ માર્કેટ-૪, રીંગ રોડ, ભાઠેના, સુરત ૩૯૫૦૦૨ ગુજરાત. **રહેઠાણ :** દુકાન નં. ૪૫/૪૬, મીલેનીયમ ટેક્ષટાઈલ માર્કેટ -૪, રીંગ રોડ, ભાઠેના, સુરત ૩૯૫૦૦૨ ગુજરાત.<br>**શ્રી અમીત કુમાર અગ્રવાલ તે દિનદયાલ અગ્રવાલ ના પુત્ર (માલિક ડિવામીરા સીલ્ક)**<br>**કુમારી નુપુર અમીત અગ્રવાલ તે અમીત અગ્રવાલ ના પુત્રી (જામીનદાર)** ૬૦૧, ૬થો માળ, બ્લોક સી, અમૃત કુંજ એપાર્ટમેન્ટ, ભટાર રોડ, અઠવા, સુરત, ગુજરાત ૩૯૫૦૦૧<br>**શ્રીમતી મમતા અગ્રવાલ તે રવી અગ્રવાલ ના પત્ની (જામીનદાર):** ઈ ૩૦૮ આર્શીવાદ પેલેસ જીવકોર નગર, ભટાર ચાર રસ્તા નજીક, સુરત, ગુજરાત- ૩૯૫૦૦૭ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે મીલેનીયમ ટેક્ષટાઈલ માર્કેટ -૪ નામે ઓળખાતો ગ્રાઈન્ડ ફ્લોર કોર્મશીયલ કોમ્પલેક્ષ ની દુકાન નં. ૪૫ માપ ૬૪૫.૪૦૯ ચો.ફુટ (બિલ્ટઅપ એરિયા) એટલે ૫૯.૯૬૦ ચો.મી બરાબર અને ૬૨૦.૪૪૮ ચો.ફુટ (કારપેટ એરિયા) એટલે ૫૭.૬૪૧ ચો.મી વણવહેચાયેલ હિસ્સા રોડ અને સીઓપી સહિત માપ ૨૦૨.૪૫૯ ચો.ફુટ. એટલે ૧૮.૮૦૯ ચો.મી જમીન ઉપર થયેલ બિલ્ડીંગના બાંધકામ નો રેવન્યુ સર્વે નં.૬૮+૨૯૫ પૈકી ૧ માપ ૪૭,૦૩૭ ચો.મી, મોજે. ઉધના, જુનો તાલુકા. સીટી સુરત, નવો તાલુકા. ઉધના, જી.સુરત, ખાતે **શ્રીમતી નુપુર અમીત અગ્રવાલ** ના નામે આવેલ છે. જેની ચર્તુદિશા : **પુર્વે :** જોડેની ખાડી, **પશ્ચિમે :** જોડેનો રે.સ નં. ૬૭, **ઉત્તરે :** જોડેની ખાડી, **દક્ષિણે :** જોડેનું રેલ્વેની હદ.<br>તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે મીલેનીયમ ટેક્ષટાઈલ માર્કેટ -૪ નામે ઓળખાતો ગ્રાઈન્ડ ફ્લોર કોર્મશીયલ કોમ્પલેક્ષ ની દુકાન નં. ૪૬ માપ ૬૩૮.૧૯૮ ચો.ફુટ (બિલ્ટઅપ એરિયા) એટલે ૫૯.૨૯૦ ચો.મી બરાબર અને ૬૧૯.૩૫૦ ચો.ફુટ (કારપેટ એરિયા) એટલે ૫૭.૫૩૯ ચો.મી વણવહેચાયેલ હિસ્સા રોડ અને સીઓપી સહિત માપ ૨૦૦.૧૯૭ ચો.ફુટ. એટલે ૧૮.૫૯૯ ચો.મી જમીન ઉપર થયેલ બિલ્ડીંગના બાંધકામ નો રેવન્યુ સર્વે નં.૬૮+૨૯૫ પૈકી ૧ માપ ૪૭,૦૩૭ ચો.મી, મોજે. ઉધના, જુનો તાલુકા. સીટી સુરત, નવો તાલુકા. ઉધના, જી.સુરત, ખાતે **શ્રીમતી નુપુર અમીત અગ્રવાલ** ના નામે આવેલ છે. જેની ચર્તુદિશા : **પુર્વે :** જોડેની ખાડી, **પશ્ચિમે :** જોડેનો રે.સ નં. ૬૭, **ઉત્તરે :** જોડેની ખાડી, **દક્ષિણે :** જોડેનું રેલ્વેની હદ આવેલ છે. | અ) ૧૧.૦૨.૨૦૨૬<br>બ) રૂા.૩,૨૦,૧૯,૫૫૮.૯૫ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ<br>ક) ૧૮.૦૪.૨૦૨૬<br>ડ) સાંકેતિક કબજો | અ)રૂા.૧૮૬.૦૦<br>બ) રૂા.૧૮.૬૦<br>ક) રૂા.૧.૦૦ | જાણમાં નથી<br>PUNB 079100 DIVAMIRA |

નિયમો અને શરતો : વેચાણ સિક્યોરિટી (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના નિર્ધારિત નિયમો અને શરતો અને નીચેની વધારાની શરતોને આધીન રહેશે. **૧.** મિલકતો **'જેમ છે જ્યાં છે તેના આધારે'** અને **'જેમ છે જે છે તેના આધારે'** અને **'જેમ છે ત્યાં છે તેના આધારે'** વેચવામાં આવી રહી છે. **૨.** સરક્ષિત સંપત્તિઓની વિગતો ઉપરોક્ત સૂચિમાં ઉલ્લેખિત બાબતો અધિકૃત અધિકારીની શ્રેષ્ઠ માહિતી મુજબ જણાવવામાં આવી છે, પરંતુ અધિકૃત અધિકારી આ ઘોષણામાં કોઈપણ ભૂલ, ખોટી માહિતી અથવા ભૂલ માટે જવાબદાર રહેશે નહીં **૩.** જો હરાજી કરાયેલ મિલકત સાંકેતિક કબજામાં હોય, તો મિલકતના પ્રત્યક્ષ કબજાની પ્રાપ્તિ પછી અને મિલકતના પરિસરમાં પડેલી કોઈપણ જંગમ વસ્તુઓની નિકાલ કર્યા પછી જ સફળ ખરીદનારને પ્રત્યક્ષ કબજો આપવામાં આવશે. **૪.** વેચાણ નીચે સહી કરનાર દ્વારા વેબસાઈટ https://baanknet.com પર **તારીખ ૧૪.૦૮.૨૦૨૬ નારોજ સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી** કરવામાં આવશે. પૂરા પાડવામાં આવેલ ઈ-ઓક્શન પ્લેટફોર્મ દ્વારા કરવામાં આવશે. **૫.** સફળ બોલી લગાવનાર દ્વારા બેંક ને વેચાણ વિચારણાની ચુકવણી આવકવેરા અધિનિયમ ૧૯૬૧ ની કલમ 194-1A હેઠળ TDS ને આધીન રહેશે અને TDS સફળ બોલી લગાવનાર દ્વારા બાકીની ૭૫% બોલી રકમ /બોલી રકમની સંપૂર્ણ ડિપોઝિટ જમા કરાવતી વખતે જ કરવાનો રહેશે. **૬.** ખરીદનાર/ ખરીદનાર (સૌથી વધુ બોલી લગાવનાર) એ SARFAESI એક્ટ ૨૦૦૨ હેઠળ બેંક દ્વારા વેચવામાં આવેલી સ્થાવર મિલકતોના વેચાણની રકમ પર જ્યાં, લાગુ પડે ત્યાં, આવકવેરા કાયદા ૧૯૬૧ ની કલમ 1941A મુજબ TDS કાપવા અને જમા કરાવવાની જરૂર છે, જેમાં ફોર્મ નં. 26QB રજૂ કરતી વખતે, સ્થાવર મિલકતના માલિક/ગીરો (ઉધાર લેનાર/જમીનદાર)ના નામે અને પાન નંબરનો સમાવેશ થાય છે. **૭.** વેચાણની વિગતવાર શરતો અને શરતો માટે, કૃપા કરીને https://baanknet.com અને www.pnb.bank.in નો સંદર્ભ લો અથવા મો : **૮૧૪૬૦૯૨૮૭૭, ૯૬૨૪૫૭૭૨૨૫** પર કોલ કરો. **૮.** કાનુની પ્રક્રિયા દ્વારા પ્રત્યક્ષ કબજો મેળવ્યા પછી સાંકેતિક કબજામાં રહેલી મિલકતો સફળ બોલી લગાવનારને સોંપવામાં આવશે. **૯.** કોઈપણ કાનુની/કોર્ટ કાર્યવાહી અને/અથવા અધિકૃત અધિકારીના નિયંત્રણ બહારના કારણોસર પ્રત્યક્ષ કબજો મેળવવામાં કોઈપણ વિલંબ માટે અધિકૃત અધિકારીની જવાબદાર રહેશે નહીં.

SCAN HERE For detailed Terms & Conditions

**સરફેસી એક્ટ, ૨૦૦૨ ના રૂલ ૮(૬) હેઠળ કાનુની વેચાણ નોટીસ**
**(આ હરાજીની સૂચનાના અંગ્રેજી સંસ્કરણ અને અન્ય કોઈપણ ભાષાના સંસ્કરણ વચ્ચે કોઈ વિસંગતતાની સ્થિતિમાં અંગ્રેજી સંસ્કરણ માન્ય રહેશે.)**

તા.૦૭.૦૭.૨૦૨૬ | સ્થળ : સુરત — ચીફ મેનજર, અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક, સુરક્ષિત ક્રેડીટર